# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA


ક્રમાંક: યોજના/શ્રેષ્ઠ શાળા/૨૦૧૯/૨૮૯ તા.૩૧/૦૭/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/RMSA/ગ્રાન્ટેડ

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

જિ.ભાવનગર

વિષય : સને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહક ઇનામ આપવા બાબત.

સંદર્ભ : કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રાંક :
ઉમશ/ઉમા-૦૬/શ્રે.શા./૨૦૧૯/૩૬૨૨-૬૦ તા.૧૭/૦૭/૨૦૧૯

ઉપરોક્ત વિષય સંદર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે સને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે ઉપસી આવવા માટે શાળાની દરખાસ્ત બિડાણમાં આપેલ પત્રની સૂચના મુજબ **અત્રેની કચેરીમાં તા.૨૬/૦૮/૨૦૧૯ સુધીમાં હાર્ડકોપી(બે-નકલ) અને સોફ્ટકોપી(શ્રુતિ ફોન્ટમાં જ) રૂબરૂમાં જમા કરાવવાની રહેશે. બન્ને (હાર્ડ અને સોફ્ટકોપી) એક સાથે આપેલ હશે તો જ માહિતી સ્વિકારવામાં આવશે**

**અગત્યના મુદ્દાઓ**

- આ પત્રનાં બિડાણ સાથે આપેલ ફોર્મેટ જ માન્ય રહેશે. **(જો કોઈ શાળા જૂનુ અથવા અલગ ફોર્મેટમાં માહિતી આપશે તો તે ડાયરેક્ટ ડીસક્વોલિફાઇ થઈ જશે જેની ખાસ નોંધ લેવી)**
- માહિતી હાર્ડકોપી અને સોફ્ટ કોપી (PPT-શ્રુતિ ફોન્ટમાં જ) બન્નેમાં આપવાની છે **આથી બિડાણ પત્ર ધ્યાનથી** વાંચીને જ આગળની કાર્યવાહી કરવી.
- પત્રમાં જણાવેલ બધીજ માહિતીનું તથા પાયાની શરતોનું ચૂસ્તપણે પાલન થતું હશે તો અને તો જ શાળાની દરખાસ્ત ધ્યાન લેવામાં આવશે.
- **સમયમર્યાદા પછી મળેલ માહિતી ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી**
- જિલ્લા કક્ષાનાં એવોર્ડ માટે જિલ્લા પસંદગી સમિતિનો નિર્ણય આખરી રહેશે.

બિડાણ: ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ:**

શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી- સદર કચેરી

Scanned by CamScanner

ઉમશ/ઉમા-૦૬/શ્રે.શા./૨૦૧૯/ 3622-60
E-Mail

કમિશનરશ્રી શાળાઓની કચેરી,
બ્લોક નં.૯, પહેલો માળ,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તારીખ :- ૨૯/૦૭/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય:- સને ૨૦૧૯-૨૦ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શાળાને પ્રોત્સાહક ઈનામ આપવા બાબત.

સંદર્ભ :- શિક્ષણ વિભાગનો તા.૨૬-૦૪-૨૦૧૯ નો ઠરાવ ક્ર. બમશ/૧૧૧૮/૧૬૯૪/છ

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સને ૨૦૧૯-૨૦ના વર્ષમાં જિલ્લા કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠશાળા તરીકે પસંદ થાય તે શાળાને પ્રોત્સાહક ઈનામ આપવા માટે આપના જિલ્લાની શ્રેષ્ઠ ત્રણ શાળાઓને શાળા દીઠ રૂ.૧.૦૦ લાખ (અંકે એક લાખ પુરા) તથા રાજ્ય કક્ષાએ પ્રથમ નંબરે આવનાર શાળાને રૂ.૫.૦૦ લાખ ( અંકે પાંચ લાખ પુરા ), બીજા નંબરે આવનાર શાળાને રૂ. ૩.૦૦ લાખ ( અંકે ત્રણ લાખ પુરા ) અને ત્રીજા નંબરે આવનાર શાળાને રૂ.૨.૦૦ લાખ ( અંકે બે લાખ પુરા )નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. આ યોજના હેઠળ શૈક્ષણિક ગુણવત્તાને ધ્યાનમાં રાખી ઈનામ આપવામાં આવશે તે માટેના નોર્મ્સ રાજ્ય પસંદગી સમિતિ નક્કી કરશે.

ઈનામ વિતરણ સમારોહ જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના નેજા હેઠળ યોજાશે. શાળાના આચાર્યશ્રી અને તમામ શિક્ષકોને તેમના સહિયારા પ્રયાસ બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. શાળાના નામજોગ આર્થિક પુરસ્કાર એનાયત થશે.

સદરહું યોજનામાં ભાગ લેનાર શાળાઓની સંખ્યાઓમાં વખતો વખત ઘટાડો થયેલ હોવાનું જણાઈ આવતા તથા વધુ શાળાઓ ભાગ લઈ શકે તે આશયથી અગાઉના માપદંડોમાં સુધારા-વધારા કરી શ્રેષ્ઠ શાળા મુલ્યાંકન પત્રક બનાવવામાં આવેલ છે. જે આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે.

<u>આ યોજના અંતર્ગત શાળાઓને ભાગ લેવા માટે નીચે મુજબ નોર્મ્સ ફરજિયાત કરાયા છે.</u>

૧. જિલ્લા કક્ષાએ ત્રણ શ્રેષ્ઠ શાળા પસંદ કરવા માટે એક શહેર વિસ્તારની અને બે ગ્રામ્ય વિસ્તારની શાળા પસંદ કરવાની રહેશે.

૨. શાળાનુ એસ.એસ.સીનું છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ પરીણામ

(ક) જ્યાં માધ્યમિક અને ઉ.માધ્યમિક અથવા માત્ર માધ્યમિક શાળાઓ ચાલે છે તે શાળાઓ માટે.
શહેર વિસ્તાર માટે 75%કે તેથી વધુ તથા ગ્રામ્ય વિસ્તાર માટે 70%કે તેથી વધુ હોવું જોઇએ.

૩. માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા કાર્યરત હોયતો એચ.એસ.સી.નુ છેલ્લા ત્રણ વર્ષનુ સરેરાશ પરીણામ નીચે મુજબ હોવું જોઈએ.

(ક) માત્ર સામાન્ય પ્રવાહ માટે: શહેર વિસ્તાર -75% કે તેથી વધુ અને ગ્રામ્ય વિસ્તાર - 70% કે તેથી વધુ
(ખ) માત્ર વિજ્ઞાન પ્રવાહ માટે: શહેર વિસ્તાર -70% કે તેથી વધુ અને ગ્રામ્ય વિસ્તાર - 65% કે તેથી વધુ
(ગ) બન્ને પ્રવાહ હોય તો જે પ્રવાહનુ પરીણામ વધુ હોય તે ધ્યાને લેવું
(નોંધ:- ઉ.બુ. પ્રવાહ માટે ગ્રામ્ય વિસ્તારની શાળાઓનાં ધારાધોરણ લાગુ પડશે.)

Scanned by CamScanner

4. એક વાર જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પ્રોત્સાહક પારિતોષિક મેળવેલ શાળાઓ તે પછીના ત્રણ વર્ષ સુધી શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક યોજનામાં ભાગ લઇ શકશે નહિ.

5. નિયત થયેલ એપ્રાઇઝલ ફોર્મના માપદંડોના કુલ 100 ગુણમાંથી ઓછામાં ઓછા 75 ગુણ જે શાળા મેળવે તે જ શાળા ઇનામ માટે પસંદગીને હકદાર બનશે.

એપ્રાઇઝલ ફોર્મ ઝીણવટપૂર્વક વાંચી પ્રત્યેક વિગત ફરજિયાત ભરવાની રહેશે.દરખાસ્તને હાર્ડ કોપી તેમજ સોફ્ટ કોપીમાં (સોફ્ટ કોપીમાં હેડલાઇન સાથેનું માત્ર પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન) મોકલી આપવું. જેમાં બિનજરૂરી અને લંબાણ પૂર્વકની વિગતો ટાળવી( જેવાંકે, સાંસ્કૃતિક કાર્યક્રમોની આખી સી.ડી., ફોટો આલ્બમ , બિન જરૂરી કાગળો, એક જ પ્રકારના કે એકજ કાર્યક્રમના વધુ પડતા ફોટોગ્રાફ વગેરે) તથા પાયાની શરતોનું ચુસ્તપણે પાલન થતું હોય તો અને તો જ શાળાની દરખાસ્તને ધ્યાને લેવાની રહેશે.

→ જિલ્લાની કોઇ પણ સરકારી કે ગ્રાન્ટેડ માધ્યમિક/ઉ.મા. શાળા ભાગ લઈ શકશે.

→ ભાગ લેનાર માધ્ય./ઉ.મા. શાળાએ આ સાથે સામેલ એપ્રાઇઝલ ફોર્મમાં વિગતો ભરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને તા. ૩૧/૦૮/૨૦૧૯ સુધીમાં અરજી કરવાની રહેશે.

→ આવેલ અરજીઓના સંદર્ભમાં જિ.શિ.અધિ.શ્રી દ્વારા પેનલ મુલાકાત ગોઠવી શાળાએ રજુ કરેલ વિગતોની ચકાસણી કરવી.

→ આવેલ અરજીઓની ચકાસણી અને રૂબરૂ મુલાકાતના અંતે પસંદ થયેલ અરજીઓની ચકાસણી જિલ્લા પસંદગી સમિતિ કરશે.

→ જિલ્લા કક્ષાએ પસંદગી સમિતિ દ્વારા શ્રેષ્ઠ શાળાની આવેલ દરખાસ્તોની તા.૩૦/૦૯/૨૦૧૯ સુધીમાં ચકાસણી કરી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ પ્રથમ ક્રમની શ્રેષ્ઠ શાળાની દરખાસ્ત વિશિષ્ટ પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી 4×6 ના ફોટોગ્રાફ સહિત A4 સાઈઝના પેપરમાં વધુમાં વધુ ૫૦ પાનાની દરખાસ્ત તા.૧૪/૧૦/૨૦૧૯ સુધીમાં આ કચેરીને રજુ કરવાની રહેશે તેમજ ૨૫ થી 30 સ્લાઇડનું શ્રુતિ ફોન્ટમાં પ્રેઝન્ટેશન રજુ કરવાનું રહેશે.

શ્રેષ્ઠ શાળાની પસંદગી કરવામાં ક્ષતિ રહેવા ન પામે તેની અંગત રીતે ચકાસણી કરી જિલ્લા કક્ષાએ પસંદગી સમિતિ દ્વારા પ્રથમ ક્રમે પસંદ થયેલ શ્રેષ્ઠ શાળાની દરખાસ્ત નિયત સમય મર્યાદામાં મોકલી આપવા તથા શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક ઈનામ યોજનાનો લાભ વધુ શાળા સુધી પહોચે તેવા પ્રયત્નો કરવા જણાવવામાં આવે છે.

<u>વધુમાં સને ૨૦૧૯-૨૦ના વર્ષમાં આપના જિલ્લાની જે શાળાઓ નોર્મ્સ મુજબ શ્રેષ્ઠ શાળા તરીકે જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ તે શાળાઓના નામ, સરનામાની વિગત તથા જિલ્લા કક્ષાએ પ્રોત્સાહક ઈનામ આપવા (જિલ્લા દીઠ ૩ શાળા અને શાળા દીઠ ૧.૦૦ લાખ લેખે) આપને કેટલી રકમની ગ્રાન્ટની જરૂરીયાત છે તેની માહિતી તાત્કાલીક મોકલી આપવાની રહેશે.</u>

સંયુક્ત શિક્ષણ નિયામક
૧૦+૨ શાખા
ગુ.રા. ગાંધીનગર

બિડાણ:- શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક ઈનામ યોજના માટેનું એપ્રાઇઝલ ફોર્મ

સવિનય નકલ રવાના જાણ સારૂ :-

- ✓ સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ, છ-શાખા, સચિવાલય, ગાંધીનગર
- ✓ અંગત મદદનીશશ્રી, માન.આયુક્તશ્રી, કમિશનર શાળાઓની કચેરી
- ✓ સંયુક્ત શિક્ષણ નિયામક (હિસાબ), સદર કચેરી
- ✓ સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક), સદર કચેરી

Scanned by CamScanner

# શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક – વર્ષ -2019

1. ટ્રસ્ટનુ નામ અને સરનામુ -

2. શાળાનુ નામ અને સરનામુ –

| | | |
|---|---|---|
| ગામનુ નામ- | તાલુકાનુ નામ- | જિલ્લાનુ નામ- |

3. કાયમી સંપર્ક નંબર- અ) લેન્ડ લાઇન નંબર (એસ.ટી.ડી. કોડ સાથે)-

   બ) મોબાઇલ નંબર (1) (2)

   શાળાનુ ઇ મેઇલ એડ્રેસ -

4. શાળાની વિગત- લાગુ પડતુ હોય તેના પર ✓ નિશાની કરો.

- શાળાનુ સ્થાપના વર્ષ -
- શાળા માત્ર માધ્યમિક / માત્ર ઉચ્ચતર માધ્યમિક / માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બન્ને વિભાગ ધરાવે છે.
- જો શાળા ઉચ્ચતર માધ્યમિક છે તો તેમાં ચાલતાં પ્રવાહ –

  સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ / બન્ને પ્રવાહ /ઉ.બુ. પ્રવાહ
- શાળા કુમાર / કન્યા / મિશ્ર છે.
- શાળામાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા - માધ્યમિક -- ઉ.મા. -- કુલ --
- શાળાનુ છેલ્લા ત્રણ વર્ષનુ S.S.C.અને H.S.C.નુ પરીણામ

| વર્ષ | | માર્ચ-17 | માર્ચ- 18 | માર્ચ – 19 | ત્રણ વર્ષનુ સરેરાશ પરીણામ |
|---|---|---|---|---|---|
| **S.S.C.**નુ પરીણામ | | | | | |
| **H.S.C.**નુ પરીણામ | સામાન્ય પ્રવાહ | | | | |
| | વિજ્ઞાન પ્રવાહ | | | | |

Scanned by CamScanner

## એપ્રાઇઝલ ફોર્મના વિભાગવાર મેળવેલ ગુણની વિગત

| વિભાગ | વિગત | કુલ ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|
| 1 | શાળા ભાવાવરણ | ૩૦ | |
| 2 | અસરકારક વર્ગ કાર્ય | ૨૦ | |
| 3 | સહાભ્યાસિક પ્રવૃત્તિઓ અને પરીણામ લક્ષી લોકભાગીદારી | ૩૦ | |
| 4 | શાળાની પ્રેરક વિશેષતાઓ | ૨૦ | |
| | કુલ ગુણ | ૧૦૦ | |

Scanned by CamScanner

# શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક- વિભાગ – 1 - શાળા ભાવાવરણ

| ક્રમ | વિગત | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | | ગુણ | મેળવેલ ગુણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | ઇકો ક્લબની પ્રવૃત્તિ અને શાળા પર્યાવરણ તેમજ શાળા સલામતી | 1 | શાળા મકાન આસપાસનુ પર્યાવરણ | 1 | | |
| | | 2 | રેઇન  હાર્વેસ્ટિંગ સિસ્ટમ | 2 | | |
| | | 3 | શાળામા બગીચાની માવજત | 1 | | |
| | | 4 | કિચન ગાર્ડન, ઔષધીય વનસ્પતિ | 1 | | |
| | | 5 | પર્યાવરણ જાળવણી માટે જન જગૃતિ માટેના પ્રયત્નો | 1 | | |
| | | 6 | શાળાના બગીચા પ્રત્યે બાળકોનો અભિગમ ( વૃક્ષોના નામ તથા સંખ્યાની જાણકારી તેમજ રખરખાવમાં સક્રિય ભાગીદારીના આધારે ) | 1 | | |
| | | 7 | ટેરેસ ગાર્ડન , છોડના કુંડાઓ , મેદાન ના હોય તેવી જગ્યાએ બગીચાનુ આયોજન | 1 | | |
| | | 8 | કુદરતી આફતોના સમયમાં બાળકોની સલામતી માટેના પગલાં/સલામતીના સાધનોની સુવિધાં | 1 | | |
| | | 9 | બાળકોની શારિરીક અને માનસિક સલામતી માટે લીધેલાં પગલાં | 1 | | |
| 2 | સ્વચ્છતા | 1 | શાળામાં કાયમી સફાઇ કામદાર છે. | 1 | | |
| | | 2 | સ્ટાફ તથા બાળકો માટે સેનિટેશનની ઉપલબ્ધતા અને સ્વચ્છતા | 1 | | |
| | | 3 | બાળકો દ્વારા સ્વચ્છતા સાધનોનો ઉપયોગ | 1 | | |
| | | 4 | વેડફાતા પાણીને અટકાવવા માટે લેવામાં આવેલ પગલાં | 2 | | |
| 3 | શાળેય પ્રવૃત્તિઓ | 1 | પ્રાર્થના સભામાં  સંગીતના સાધનો ઉપરાંત નવતર પ્રયોગ | 1 | | |
| | | 2 | પ્રાર્થના સભામાં શિક્ષકોની સક્રિયતા | 1 | | |
| | | 3 | યૌગિક ક્રિયાઓનો સમાવેશ | 1 | | |
| | | 4 | બુલેટિન બોર્ડ માટે નવીન પ્રયુક્તિ | 1 | | |
| | | 5 | શાળાની જાહેર જગ્યાઓનો હકારાત્મક ઉપયોગ | 1 | | |
| | | 6 | નિષ્ણાતોના વક્તવ્ય,સેમિનાર , બિન સરકારી તાલીમોનુ આયોજન | 2 | | |
| | | 7 | સામાજિક સમસ્યાઓ તથા જન સામાન્ય માટે શાળામાં કરવામાં આવતી પ્રવૃત્તિ ( બેટી બચાવો, અંધશ્રધ્ધા નિર્મૂલન .. વગેરે) | 2 | | |
| | | 8 | બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડે તેવા અમંત્રિતોની ઉપસ્થિતિ ( જાણીતા વ્યવસાઇઓ, વૈજ્ઞાનિકો, શિક્ષણશાસ્ત્રિઓ, સાહસિકો, રમતવીરો ) | 1 | | |

Scanned by CamScanner

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 4 | શાળા પુસ્તકાલય | 1 | પુસ્તકાલયનુ નવીની કરણ | 1 | | |
| | | 2 | બાળકોને વાંચવા લાયક પુસ્તકોની સંખ્યા ( નવલકથાઓ સંદર્ભ સિવાયની હોય તો તેને ન ગણવી. 1000કે તેથી ઓછા<br>પુસ્તક હોય તો 1 માર્ક 1000થી વધુ હોય તો 2માર્ક્સ ) | 2 | | |
| | | 3 | શિક્ષકો /બાળકો દ્વારા સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ ( જો માત્ર બાળકોકે માત્ર શિક્ષકો લાયબ્રેરીનો ઉપયોગ કરતા હોય તો 1 માર્ક અને બાળકો અને શિક્ષકો બન્ને ઉપયોગ કરતા હોય તો 2 માર્ક ) | 2 | | |
| | | | કુલ ગુણ | 30 | | |

Scanned by CamScanner

## શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક- વિભાગ – 2 – અસરકારક વર્ગકાર્ય

| ક્રમ | વિગત | | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | ગુણ | મેળવેલ ગુણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | વર્ગખંડની ગોઠવણ | 1 | બાળકોની સુવિધાયુક્ત બેઠક વ્યવસ્થા ઉપરાંત જરૂરી ફર્નિચરની ગોઠવણ | 1 | | |
| | | 2 | રૂઢિગત વર્ગ ખંડથી અન્ય નવીન વ્યવસ્થા | 2 | | |
| | | 3 | આરોગ્યની દ્રષ્ટિએ વર્ગખંડનુ વાતાવરણ | 1 | | |
| | | 4 | વર્ગ ખંડની દિવાલોની જિવંતતા ( ભીંત ચિત્રો , ચાર્ટ્સ , મહાનુભાવોના ફોટોગ્રાફ્સ, સંદેશા વગેરે..) | 1 | | |
| 2 | વર્ગખંડ પ્રવૃત્તિઓ | 1 | પિયર ગૃપ લર્નિંગ માટેના પ્રયત્નોમાં નવીનીકરણ | 1 | | |
| | | 2 | વિષયને અનુરૂપ નાના મોટાં પ્રયોગોઅને વૈજ્ઞાનિક પ્રયોગો કરવામાં આવે છે. | 1 | | |
| | | 3 | શિક્ષણને મનોરંજક બનાવવા માટે કરવામાં આવેલ પ્રયોગો. | 1 | | |
| | | 4 | સેલ્ફ લર્નિંગ માટે અપનાવાયેલ પદ્ધતિઓ | 1 | | |
| | | 5 | દરેક પ્રવૃત્તિમાં શિક્ષકો / બાળકોની સમાન સહભાગિતા | 1 | | |
| 3 | દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો ઉપયોગ | 1 | બાયસેગ પ્રસારણ માધ્યમનો ઉપયોગ થાય છે | 1 | | |
| | | 2 | કૉમ્પ્યુટર/ મોબાઇલ / પ્રોજેક્ટર /જેવા ડિજીટલ સાધનો વાપરવામાં આવે છે.( એક સાધન માટે 1 માર્ક ) | 3 | | |
| | | 3 | સામાયીક , સમાચાર પત્રોનો શિક્ષણ કાર્યમાં ઉપયોગ થાય છે. | 1 | | |
| 4 | બાળકોનુ કૌશલ્યવર્ધન | 1 | શ્રુતલેખન, નિબંધલેખન, વક્તૃત્વ સ્પર્ધા , કાવ્યપઠન જેવી સ્પર્ધાઓનુ આયોજન | 1 | | |
| | | 2 | પ્રોજેક્ટ વર્ક ( એવાં ખાસ પ્રોજેક્ટ જેમાં વિદ્યાર્થી શાળાની બહારનો પણ અનુભવ મેળવે, સમાજ સાથે સંકળાય , સેવા સંતુષ્ટિનો અનુભવ કરે. ) | 1 | | |
| | | 3 | ઉપચારાત્મક શિક્ષણ માટે અપનાવાયેલ સરકારશ્રી દ્વારા નિર્દિષ્ટ ન હોય તેવી નવી પદ્ધતિ | 1 | | |
| | | 4 | બાળકોના વિશિષ્ટ કાર્યને બિરદાવવા માટે અપનાવવામાં આવેલી પદ્ધતિમાં નાવીન્ય | 1 | | |
| | | 5 | બાળકોના મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન માટે લેવામાં આવેલ મૂલ્યાંકન પ્રવિધિઓ . | 1 | | |
| | | | કુલ ગુણ | 20 | | |

Scanned by CamScanner

# શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક- વિભાગ – ૩ – સહાભ્યાસિક પ્રવૃત્તિઓ અને પરીણામ

## લક્ષી લોકભાગીદારી

| ક્રમ | વિગત | | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | ગુણ | મેળવેલ ગુણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | બાહ્ય પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની સિધ્ધિ | 1 | નેશનલ સ્કોલરશીપ પરીક્ષા (જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હોય તે પૈકી 50% થી ઉપરની સંખ્યામાં વિદ્યાર્થી પાસ થયા હોયતો 1 માર્ક , 50%થી 80% પાસ થયા હોય તો 2 માર્ક્સ અને તેથી વધુ વિદ્યાર્થી પાસ થયા હોય તો 3 માર્ક્સ મુકવા ) | 3 | | |
| | | 2 | ગુજરાત રાજ્ય દ્વારા લેવાતી શિષ્યવૃત્તિ પરીક્ષા ( વિદ્યાર્થી જિલ્લા કક્ષાએ નંબર મેળવેલ હોય તો 1 માર્ક અને રાજ્યકક્ષા એ નંબર મેળવેલ હોય તો 2 માર્ક્સ મુકવા.) | 2 | | |
| | | 3 | અન્ય કોઇ સરકાર આયોજિત પરીક્ષા ( વિદ્યાર્થી જિલ્લા કક્ષાએ નંબર મેળવેલ હોય તો 1 માર્ક અને રાજ્યકક્ષા એ નંબર મેળવેલ હોય તો 2 માર્ક્સ મુકવા.) | 2 | | |
| 2 | રમતોત્સવ | 1 | રાષ્ટ્ર કક્ષાએ કોઇ રમતમાં સિદ્ધિ મેળવેલ હોય તો | 2 | | |
| | | 2 | રાજ્ય કક્ષાએ વિવિધ રમતોમાં શાળાની સિદ્ધિ ( એક કે બે રમત માં રાજ્ય કક્ષાની સિદ્ધિ હોય તો 1 માર્ક , બેથી પાંચ રમતો હોય તો 2 માર્ક્સ અને તેથી વધુ હોયતો 3 માર્ક્સ ) | 3 | | |
| | | 3 | ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાએ વિજેતા થયા હોય તેવી એક કે બે રમત માં રાજ્ય કક્ષાની સિદ્ધિ હોય તો 1 માર્ક , બેથી પાંચ રમતો હોય તો 2 માર્ક્સ અને તેથી વધુ હોયતો 3માર્ક્સ | 3 | | |
| 3 | પ્રવાસ ( આગળના શૈક્ષણિક વર્ષમાં ) | 1 | ઐતિહાસિક સ્થળનો પ્રવાસ | 1 | | |
| | | 2 | ભૌગોલિક મહત્ત્વ ધરાવતા સ્થળનો પ્રવાસ | 1 | | |
| | | 3 | ઔદ્યોગિક સ્થળનો પ્રવાસ | 1 | | |
| 4 | મૂલ્યલક્ષી શિક્ષણ | 1 | વાંચન પર્વની ઉજવણી | 1 | | |
| | | 2 | બાળકોના પારિવારિક સદસ્યો સાથે મળીને કરવામાં આવતી પ્રવૃત્તિ | 1 | | |
| | | 3 | લોકશાહીના પર્વો/વિશ્વ યોગ દિવસની અનન્ય રીતે કરવામાં આવતી ઉજવણી | 1 | | |
| | | 4 | સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સરકારી સેવાકીય સંસ્થાઓની મુલાકાત અને તેના પદાધિકારીઓ સાથે ગોષ્ઠીનુ આયોજન. | 1 | | |
| | | 5 | સર્વ ધર્મ સમભાવ ની પ્રેરણા આપતી પ્રવૃતિ | 1 | | |

Scanned by CamScanner

# શ્રેષ્ઠ શાળા મૂલ્યાંકન પત્રક- વિભાગ –4– શાળાની પ્રેરક વિશેષતાઓ

| ક્રમ | વિગત | | મૂલ્યાંકન માટેના મુદ્દાઓ | ગુણ | મેળવેલ ગુણ | કુલ |
|---|---|---|---|---|---|---|
| 1 | વિકલાંગ બાળકોના અભ્યાસ માટેની ખાસ વ્યવસ્થા | 1 | શાળામાં રેમ્પની સુવિધા છે. | 1 | | |
| | | 2 | વિકલાંગ બાળકો માટે ખાસ શિક્ષક બોલાવવામાં આવે છે. | 1 | | |
| 2 | શિક્ષકોએ ગત વર્ષમાં પ્રાપ્ત કરેલ સિદ્ધિઓ | 1 | શોધ નિબંધ રજુ થયો | 1 | | |
| | | 2 | શ્રેષ્ઠ શિક્ષકનુ પારિતોષિક મળ્યું ( જિલ્લા કક્ષા હોય તો 1 માર્ક અને રાજ્ય કક્ષા હોય તો 2 માર્ક્સ અને રાષ્ટ્ર કક્ષા હોય તો 3 માર્ક્સ મુકવા ) | 3 | | |
| | | 3 | શાળા અને વિદ્યાર્થીઓને લગતું કોઇ ક્રિયાત્મક સંશોધન હાથ ધરેલ છે. | 1 | | |
| 3 | શિક્ષક વિદ્યાર્થી વચ્ચેનુ સાયુજ્ય | 1 | વાલી મિટિંગ (દર માસે યોજાતી હોય તો 2 માર્ક્સ અને બેથી વધુ સમયાંતરે યોજાતી હોય તો 1 માર્ક ) | 2 | | |
| | | 2 | બાળકો માટે કાઉન્સેલરની વ્યવસ્થા છે. | 1 | | |
| | | 3 | અલાયદો ગર્લ્સ રૂમ છે. | 1 | | |
| | | 4 | વિદ્યાર્થી પહેલ યોજના છે | 1 | | |
| | | 5 | શાળાના ગરીબ બાળકો માટે બુક બેંક-રામ્હાટ જેવી સહાયકારી યોજના અમલમાં છે. | 1 | | |
| 4 | શિક્ષકોની વ્યાવસાઇક સજ્જતા | 1 | શિક્ષકોએ સરકારશ્રી દ્વારા આયોજિત ન હોય તેવી બાળકોના વિકાસને લગતી કોઇ ખાસ તાલીમ મેળવી છે. | 1 | | |
| | | 2 | ગત વર્ષ દરમ્યાન શિક્ષકોએ શાળા લાયબ્રેરીમાં પ્રાપ્ત સંદર્ભ પુસ્તકોનો અભ્યાસ કર્યો છે. | 1 | | |
| | | 3 | શિક્ષકોએ શાળા સમય સિવાય વાલી મિટિંગ કે શિક્ષણ સંદર્ભે જન સમ્પર્ક કરેલ છે | 1 | | |
| | | 4 | શિક્ષકો શાળાના બાળકો સાથે "વિદ્યાર્થી મિત્ર" બની શક્યાં છે | 1 | | |
| 5 | શાળાની પ્રેરક વિશેષતા | 1 | સમાજમાં શિક્ષણ સિવાય કોઇ ઉદાહરણ રૂપ પ્રવૃત્તિ શાળા દ્વારા કરવામાં આવે છે. | 3 | | |
| | | | કુલ ગુણ | 20 | | |



Scanned by CamScanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | 6 | જિલ્લા કે રાજ્ય કક્ષાએ આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં શાળાના બાળકો ભાગ લે છે.(જિલ્લાકક્ષાએ વિજેતા હોય તો 1 અને રાજ્યકાક્ષાના વિજેતા માટે 2 માર્ક્સ ) | 2 | |
| 5 | વિશિષ્ટ શૈક્ષણિક વ્યવસ્થા | 1 | ગણિત/વિજ્ઞાન મંડળ છે. | 1 | |
| | | 2 | શાળાની લેબોરેટરી અદ્યતન છે. | 1 | |
| 6 | સ્કુલ ડેવલપમેંટ પ્રોગ્રામ | 1 | વાલી સમ્મેલનોનુ આયોજન | 1 | |
| | | 2 | શાળાનો લોકભાગીદારી દ્વારા વિકાસ | 1 | |
| | | 3 | અન્ય શૈક્ષણિક સંસ્થાઓનો ખાસ વિષય માટે સહયોગ | 1 | |
| | | | કુલ ગુણ | 30 | |

Scanned by CamScanner

## શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક યોજનામાં સામેલ થવા માટે પાયાની શરતો :-

1. જિલ્લા કક્ષાએ ત્રણ શ્રેષ્ઠ શાળા પસંદ કરવા માટે એક શહેર વિસ્તારની અને બે ગ્રામ્ય વિસ્તારની શાળા પસંદ કરવાની રહેશે.
2. શાળાનુ એસ.એસ.સીનું છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ પરીણામ
   - ➢ જ્યાં માધ્યમિક અને ઉ.માધ્યમિક અથવા માત્ર માધ્યમિક શાળાઓ ચાલે છે તે શાળાઓ માટે.
     - a. શહેર વિસ્તાર માટે : 75%થી વધુ હોવું જોઇએ.
     - b. ગ્રામ્ય વિસ્તાર માટે : 70%થી વધુ હુવું જોઇએ.
3. માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા કાર્યરત હોયતો એચ.એસ.સી.નુ છેલ્લા ત્રણ વર્ષનુ સરેરાશ પરીણામ
   - a. માત્ર સામાન્ય પ્રવાહ માટે : શહેર વિસ્તાર -75% અને ગ્રામ્ય વિસ્તાર - 70%
   - b. માત્ર વિજ્ઞાન પ્રવાહ માટે : શહેર વિસ્તાર -70% અને ગ્રામ્ય વિસ્તાર - 65%
   - c. બન્ને પ્રવાહ હોય તો જે પ્રવાહનુ પરીણામ વધુ હોય તે ધ્યાને લેવું
   - ➢ ઉ.બુ. પ્રવાહ માટે ગ્રામ્ય વિસ્તારની શાળાઓનાં ધારાધોરણ લાગુ પડશે.
4. એક વાર જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પ્રોત્સાહક પારિતોષિક મેળવેલ શાળાઓ આગામી ત્રણ વ સુધી શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક યોજનામાં ભાગ લઇ શકશે નહિ.
5. નિયત થયેલ એપ્રાઇઝલ ફોર્મના માપદંડોના કુલ 100 ગુણમાંથી ઓછામાં ઓછા 75 ગુણ જે શા મેળવે તે જ શાળા ઇનામ માટે પસંદગીને હકદાર બનશે.

## એપ્રાઇઝલ ફોર્મ ભરવા માટેની સૂચનાઓ.

1. એપ્રાઇઝલ ફોર્મની પ્રત્યેક સૂચના ઝીણવટપૂર્વક વાંચી જવી.
2. એપ્રાઇઝલ ફોર્મની પ્રત્યેક વિગત ફરજિયાત આપવી.
3. દરખાસ્તને હાર્ડ કોપી તેમજ સૉફ્ટ કોપીમાં રજુ કરવાની રહેશે.
4. સૉફ્ટ કોપીમાં હેડલાઇન સાથેનું માત્ર પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનજ બનાવવાનુ રહેશે.
5. એપ્રાઇઝલ ફોર્મના દરેક વિભાગમાં જે માપદંડ આપવામાં આવ્યાં છે તેની સત્યતાની ખાતરી રૂપ માત્ર જરૂ પુરતાં ફોટો ગ્રાફ અને ટૂંકનોંધ સાથેનું પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન બનાવવાનુ રહેશે. બિનજરૂરી અને લંબા પૂર્વકની વિગતો ટાળવી.( જેવાંકે, સાંસ્કૃતિક કાર્યક્રમોની આખી સી.ડી., ફોટો આલ્બમ , બિન જરૂરી કાગળો, એ જ પ્રકારના કે એકજ કાર્યક્રમના વધુ પડતા ફોટોગ્રાફ .........વગેરે)
6. પાયાની શરતોનું ચુસ્તપણે પાલન થતું હોય તો અને તો જ શાળાની દરખાસ્તને ધ્યાને લેવાની રહેશે.

Scanned by CamScanner